# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સમયની આંગળી પકડ, બહુ વિચાર ન કર
મળ્યો છે ઢાળ તો રગડ, બહુ વિચાર ન કર

ભલેને ચોતરફ કીચડ, બહુ વિચાર ન કર
કમળની જેમ તું ઉઘડ, બહુ વિચાર ન કર

ગળે ભરી ડૂમા તું ગીત ક્યાંથી ગાવાનો ?
લે હિબકા મઝાથી રડ, બહુ વિચાર ન કર

સતત નમીને ચાલવાની ટેવ છોડીને
જરાક રાખ તું અકડ, બહુ વિચાર ન કર

-મયંક ઓઝા

## પાથેય

- રમેશ ઠક્કર

## વહેતા રહેવાની વાત...

હયાતી એ પણ મોટી હૈયાધારણ બની રહે છે.સતત ધબકતા રહેવું એ જીવંત હોવાની નિશાની છે.અહીં મોટાભાગના લોકો ચીલાચાલુ અર્થમાં ધબકતા હોય છે.ઠપ્પ થઈ જવું એટલે અટકી જવું.આપણે જોઈએ છે કે આખું જગત પરિવર્તનશીલ છે. એમાં મહત્વનું કોઈ પરિબળ હોય તો એ સમય છે.જે માણસ સમયની આંગળી પકડી લે છે,એટલે કે ટાઈમ મની વેલ્યુ સમજે છે એ જ જગતને સાચી રીતે પારખી શકે છે.સમયની સાથે ચાલવામાં બહુ વિચાર કરવા જેવો હોતો નથી.આપણને જીવવા મળ્યું છે..એટલે કે એક ઢાળ મળ્યો છે.આપણી સફર કોઈ ઢોળાવ ઉપરથી નીચે સરી જતી નદી જેવી હોવી જોઇએ.આ ઢાળનો ઉપયોગ કરી વહેતા રહેવું એ જ શાણપણ છે.જીવન ચીને કા નામ એવું અમસ્તું નથી કહેવાયું.

ઘણા લોકો એવું માને છે કે સીધેસીધા ઢાળ ઉપરથી સરી જતા કોઇ ઝરણાની માફક વહેતા રહેતા રહેવું એ જ જિંદગી.એ એટલું આસાન નથ.આ ગણિત અટપટું હોય છે અહીં માર્ગમાં અનેક અંતરાયો કે વિઘ્નો અને મુસીબતો આપણી રાહ જોઈને ઉભાં હોય છે.જો ચોતરફ કિચડ પથરાયેલો હોય અને એમાં તમારે ચાલવાનું હોય તો ખરેખર એક પડકાર ઘટના હોય છે.કાદવની ગંદી ભૂમિ ઉપર કમળ ઉગતું હોય છે. આપણે મુશ્કેલીઓ રૂપી કાદવમાં કમળની માફક ટકી રહેવાનું હોય છે.એમાં બહુ ઝાઝો વિચાર કરી સમય વેડફવા જેવો હોતો નથી.

તમારે કોઈ ગીત ગાવું હોય કે કોઈ સંગીતની સુરાવલીઓ રેલાવવી હોય તો મુક્તપણે વિહરવાની ટેવ રાખવી પડે છે. ગળામાં હિબકાં ભર્યાં હોય અને એ રીતે જો તમે કશું ગાવાનો અભરખો રાખો તો એ મિથ્યા છે.હિબકાંની વચ્ચે કે રડતાં રડતાં કોઈ ગીત ગાવા મળે તો ઝાઝો વિચાર કરવા જેવો હોતો નથી.આપણો મોટાભાગનો સમય કોઈપણ પ્રવૃત્તિ માટે કરૂં કે ના કરૂં ? એવી અસમંજસમાં જ વ્યક્તિત થતો રહે છે.એ વૃત્તિ આપણા વહેવાના જે સરળ રસ્તો છે એને અવરોધવાનું કામ કરે છે.

સમાધાનો અમુક હદ સુધી કરીએ એ ઇચ્છનીય છે.પરંતુ વાતવાતમાં કોમ્પ્રોમાઇઝ કરતો માણસ કોઈ રીતે વિશ્વાસનીય હોતો નથી.એને પોતાની જાત ઉપર જાણે વિશ્વાસ જ હોતો નથી.જે માણસ આત્મવિશ્વાસથી ભરપૂર છે એ હંમેશા ટટ્ટાર હોય છે.કોઈપણ પ્રકારની અડચણો સામે એ અક્કમ બનીને ચાલતો રહે છે.વાતવાતમાં નમીને ચાલવાની ટેવ છોડી દેવા માટે કોઈ લાંબો વિચાર કરવાની જરૂર નથી.જગતમાં ખુમારી રાખનાર માણસો જ હંમેશા લોકપ્રિય થતા હોય છે.સમાધાનો કરીને સ્વાર્થ સાધતા માણસો મની કોઈ વિશ્વસનીયતા હોતી નથી..કવિને વિચાર સામે વાંધો નથી..કેવળ વિચારતા રહીને અટકી જવાની વાત સામે એ સજાગ કરે છે.વહેતા રહેવાની વાત આત્મસાત કરવા જેવી છે.

# શું લાગે છે...?!



રજળપાટ
અજય ઉપાધ્યાય

ગુજરાતમાં માહોલ ચૂંટણીનો ચાલી રહ્યો છે. રાજકીય પક્ષો અને ચૂંટણી લડી રહેલા ઉમેદવારો એકબીજાને ભરી પીવા એડીચોંટીનું જોર લગાડી રહ્યા છે. રાજકીય પક્ષોના નેતાઓ ચૂંટણી સભાઓ.. મિટિંગો.. મુલાકાતો.. મા ઓવરટાઈમ કરી રહ્યા છે. લગભગ પાંચ વર્ષે આવતી અને ક્યારેક એનાથી પણ વહેલી આવતી ચૂંટણી રાજનેતાઓ માટે ફાઈનલ એક્ઝામથી કમ નથી હોતી. આ પરીક્ષા પાસ કરવાની ચિંતા એક એકના કપાળે સાફ વાંચી શકાય એવા આ દિવસો છે. રાજકીય પાર્ટીઓ અને લોકો માટે સમહાઉ સજા લાગતો આ સમયગાળો પ્રજા માટે ઓલમોસ્ટ મજા છે. એય ને કિનારે બેસીને ઊંડા તળાવમાં લોકોને તરતા – ડૂબતાં કે તરવાની પ્રેક્ટિસ કરતાં લોકોને જોઈને આનદ લેવાનો. પ્રજા બોલે તો મતદારો માટે આ ' એક દિન કા સુલતાન ' જેવી ફિલિંગ છે. ભલભલા ચમરબંધીઓ આ દિવસોમાં મતદારોના પગમાં આળોટતા હોય છે.. મતદારોને મનાવવા કાલાવાલા કરતાં હોય છે.. મતદારોને અવનવા વચનોની લહાણી કરતાં હોય છે. પણ થાય છે શું કે લગભગ દરેક વખતે મતદારોનું મન કળવું ઉમેદવાર માટે આકરું બની જતું હોય છે. ઊંટ કઈ બાજુ બેસસે એનું આકલન સારી રીતે કરી શકે એ ચૂંટણીના ચોકઠાં વ્યવસ્થિત ગોઠવી શકે અને એટલે જ આ આકલન – અનુમાન માટે આજકાલ અથવા એમ કહો ને કે ચૂંટણીના માહોલમાં જો કોઈ સૌથી વધુ ચલણમાં હોય તો એ છે ' શું લાગે છે ? '. કોઈપણ ને ખાલી આટલું જ પૂછવાનું કે ' શું લાગે છે ? ' પછી જુઓ. રાજકીય વિશ્લેષકો એકબાજુ રહી જશે અને ફલાણી કે ઢીકણી બેઠક પર કોઈ શુ કામ જીતસે કે કોણ શુ કામ હારશે એનું આખેઆખું વિવરણ તમારી સમક્ષ હાજર..!!

આપણાં દેશમાં આગાહીકારોનો તૂટો નથી , એક ઢૂંઢો હજાર મીલ જાતે હૈ. વાત ખાલી ચૂંટણીની નથી પણ જીવનના કોઈપણ પ્રસંગોમાં ' શું લાગે છે ? ' એ બહુ કોમન અને એક પ્રકારે સેન્સ લેવા જેવી પ્રક્રિયાનો એક ભાગ છે. ક્રિકેટનો મેચ હોય કે સેન્સેક્સનો ખેલ હોય જેવા તમે ' શું લાગે છે ? ' પૂછો કે તરત જ રણભેરીનો હાદ સાંભળીને શૂરવીરો ઉઠે એમ એક સાથે અનેકો જવાબો મળી જાય. પાનના ગલ્લે મેચ બરાબર જામ્યો હોય કે ના જામ્યો હોય પણ તમે ત્યાં જઈને કાચી-પાંત્રીનો એક મસાલો ચોળતા ચોળતા જો એમ પૂછી નાખો કે ' શું લાગે છે ?' પછી પત્યું..!!!! કોમેન્ટરેટર કે કોચ કે ઈવન કેપ્ટનને પણ આઈડિયા નહીં હોય એવા જવાબો – ધારણાઓ તમને સાંભળવા મળશે. આ ' શું લાગે છે ? ' ના ચક્કરમાં તો ઘણા ગલ્લે મારામારી કે ખૂનખરાબા થઈ ગયા હોય એવા પણ દાખલા છે જગતની માલીપા..!!!! આ પાનના ગલ્લા પણ કાઈ સંસદ કરતાં કમ મહત્વ નથી ધરાવતા. યુ નેમ ઈટ.. કોઈપણ બનાવ , વ્યક્તિ કે સંજોગ માટે પૂછી જુઓ કે ' શું લાગે છે ? ' અને પછી જુઓ જવાબો..!!!! બાપુ ધડાધડ અને ધાણીફૂટ જવાબો મળવા માંડે. આમ પણ ભારતમાં ત્રણ વાત પર અઢળક ચર્ચાઓ ચાલતી રહે છે. રાજકારણ.. ફિલ્મો.. અને ક્રિકેટ..!!!! જાણે કે ભારત આ ત્રણ આસપાસ જ ઘુમે છે અને એટલે જ આ ત્રણ ચર્ચાની જો સળી કરી તો પત્યું.. ઢગલો અભિપ્રાયો.. ઓપીનીયનો.. ધારણાઓ.. મળવાની જ !!!!



અને પાછું આ બધામાં ' શું લાગે છે ? 'ના જવાબો પણ અવનવા આવે જ. ખેર વાત અહી જવાબોની નહીં પણ આપણી ' શું લાગે છે ? ' પૂછવાની માનસિકતા અને તત્પરતાની થઈ રહી છે. હજુ તો બચ્ચું બાપડું પેપર પૂરું કરીને બહાર જ નીકળ્યું હોય.. પરીક્ષાના ટેન્શનમાં ભુલાઈ ગયેલું પાણી પીવાનું પણ બાકી હોય ત્યાં વી ધ પીપલ ચાલુ પડી જઈએ ' શું લાગે છે ? '..!!! અલ્યા ભાઈ એને જરા શ્વાસ તો લેવા દે. હજુ બીજા પેપર્સ બાકી છે અને એનાથી પણ અગત્યનું કે રિઝલ્ટ પણ બાકી છે. પેલાને બિચારાને પેપર ગયું એનો હાશકારો હોય ત્યાં આ નવી મિસાઈલ આવી પડે ' શું લાગે છે ? '..!!! લ્યો બોલો..???? પણ ના , આપણને એ શું વિચારે છે કે એનું પેપર કેવું ગયું છે એનો અંદાજ લાવવાની તાલાવેલી હોય છે અને સામેના વ્યક્તિના દિમાગમાં શું ચાલી રહ્યું છે એનો ઈઝી ચિતાર એક જ રીતે આવે.. પૂછી નાખવાનું કે ' શું લાગે છે ? '..!!! જજમેંટ માય ડિયર ફ્રેન્ડ જજમેંટ.. આ ' શું લાગે છે ? ' એ પણ એક પ્રકારની જજમેંટ ગેમ જ છે. સી , ચૂંટણી હોય કે પરીક્ષા.. ક્રિકેટ મેચ હોય કે બીજું કાઈ.. એનું રિઝલ્ટ તો આવે ત્યારે જ સાચી ખબર પડે પણ એ પહેલા જેને કહે ને કે ગેસ ગેમ રમવાની વધુ મજા આવે.

ઈન્સાનને અભિપ્રાયો આપવા ગમે છે. પેલું કહે છે ને કે ' પાંચ મા પૂછાવું ' જો કે આ કેસમાં પાંચમા તો નહીં પણ કોઈ ' શું લાગે છે ? ' એમ પૂછે એટલું પણ કાફી હોય છે અભિપ્રાયની ફેકાફેકી માટે..!!! હું ને તમે બધા જ દરેક ચીજ , વ્યક્તિ કે સંજોગો માટે ખુદનો એક અલગ અને આગવો અભિપ્રાય ધરાવીએ છીએ બસ ખાલી રાહ જ જોતાં હોઈએ છીએ કે કોઈ આયે ઔર પૂછે કી ' શું લાગે છે ? '..!!! અત્યારે તો માહોલ એવો છે કે દર એક વ્યક્તિ મહાન અભિપ્રાયકાર છે , પછી ચાહે એ કે. એલ. રાહુલના ફોર્મ વિષે હોય કે બોલિવૂડે ફિલ્મો હીટ કરવા શું કરવું જોઈએ એ બાબતે હોય..!!! સલમાન પૂછે કે ના પૂછે.. રોહિત ને ખબર હોય કે ના હોય.. મોદીસાહેબ ને જરૂર હોય કે ના હોય.. પણ મારા ને તમારા અભિપ્રાયો અવિરત.. સતત ફેંકાતા રહેતા હોય છે. આપણે શું છે કે ઉત્સુક પ્રજા છીએ. ઉત્સુકતતા આપણાં જીન્સમાં છે અને એના જવાબો આપણા શર્ટના ખિસ્સામાં..!!!! અને એ ઉત્સુકતતાનો આવિર્ભાવ આપણે ' શું લાગે છે ? ' વડે કરતાં હોઈએ છીએ. હવે તો શું છે કે સોનોગ્રાફી વર્જિત છે એટલે બેબી કે બાબો એ જાણવા માટે તો બચ્ચાના જન્મ સુધી રાહ જોવી પડે છે એટલે ઘરડાઓથી લઈને લાગતાવળગતા બધા પેલી બાપડીને પૂછ્યા જ કરે કે ' શું લાગે છે ? '. કુટુંબીજનો આના જવાબમાં શાસ્ત્રીય ચર્ચાઓ પણ કરે અને ગર્ભવતીની શારીરિક અને માનસિક સ્થિતિને આધારે આકલન કે ઑપીનીયન આપે. આ તો ગંભીર વાત થઈ પણ ઘણા તો લગ્નના જમણવારમાં જતાં જતાં પણ બીજા હારે ઑપીનીયન ગેમ રમી લે ' શું લાગે છે ? જમવામાં મેક્સીકન હશે કે નહીં ? !!!! અને પાર્ટી પ્લોટે પહોંચતા સુધીમાં હશે તો કેમ હશે અને નહીં હોય તો કેમ નહીં એના અભિપ્રાયો તરતા મૂકી પણ દે..!!!

ના મુન્ના ના.. અભિપ્રાય આપવો એ કાઈ ખોટી ટેવ નથી પણ કોઈ ' શું લાગે છે ? ' પૂછે એની જ રાહ જોતાં લોકોના મોઢેથી વછૂટતા અભિપ્રાયો ની વાત જ અલગ છે. મને ને તમને અભિપ્રાય લેવો ગમે એમ આપવો પણ ગમે જ કે નહીં..?? ' શું લાગે છે ? 'નો જવાબ ' મને લાગે છે કે..'' અથવા ' હું માનું છું કે..' જેવા બે બાજુ ઢળી શકતા વાક્યોથી થતો હોય છે. મુદાસર અને દલીલો સાથે અપાતાં ' શું લાગે છે ? ' ના જવાબો સાંભળવા ગમે પણ મોટેભાગે ' હું જ સાચો ' આવી માનસિકતા સાથે થતી દલીલો મહદઅંશે કોઈ નિષ્કર્ષ વગર પૂરી થઈ જતી હોય છે. ઘણા આના જવાબો એકતરફી તો ઘણા માહોલ જોઈને એ મુજબ આપતા હોય છે. આ ' શું લાગે છે ? ' ના જ્યારે જક્કી કે એકતરફી જવાબો મળે ત્યારે સામેવાળું જો એને પચાવી ના શકે તો ઝગડો નક્કી..!!!! આજકાલ પાનના ગલ્લાનું સ્થાન સોશિયલ મીડિયાએ લઈ લીધું છે એટલે સ્ટેટ્સ કે પોસ્ટના નામે ' શું લાગે છે ? ' પૂછાયા જ કરે છે અને ધર્મ હોય કે રમત.. પોલિટીક્સ હોય કે રિલેશન્સ આખેઆખી જમાતો સોશિયલ મીડિયા પર પોતાનો અમૂલ્ય અને કીમતી ઑપીનીયન ફેંકતી જ રહેતી હોય છે. સ્વસ્થ ચર્ચા અને ઑપીનીયનને બહુ દૂરનું છેટું છે. ઘણીવાર તો એમ લાગે કે આ ' શું લાગે છે ? ' એ પણ એક પ્રકારનો સટ્ટો જ છે..!!!! પેલામાં પણ અનુમાન જ મારવાનું હોય છે અને આમાં પણ એ જ..!!! પણ સારું છે.. જસ્ટ ઈમેજિન કે જો ' શું લાગે છે ? ' એવો પ્રશ્ન જ અસ્તિત્વમાં ના હોત બાપડા કેટલા બધાના અભિપ્રાયો – અનુમાનો – આકલનો ફેંકવાના અરમાનો અધૂરા રહી જાત..!!! રહી જાત કે નહીં હેયય ????..!!

**વિસામો :**

'અહિયાં રાજકારણ કે ક્રિકેટ ની ચર્ચા કરવી નહીં ' - એક પાનના ગલ્લે મારેલું બોર્ડ..!!!!

- akurjt@gmail.com

# ચંદ્રંભદ્રની ડાયરીનું એક પાનું...




હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ચંદ્રંભદ્ર રવિવારની બપોરે જ્યારે બધા સરકારી અધિકારીઓ આખા અઠવાડિયાનો થાક ઉતારી રહ્યા છે ત્યારે પોતાની ડાયરી લઈને બેઠા છે. આ અઠવાડિયા દરમ્યાન ઘણા અધિકારીઓ કર્મચારીઓ મળ્યા તેનાથી ચંદ્રંભદ્રનું અનુભવવિશ્વ સમૃધ્ધ થઈ ગયું છે. અકારણ જ ચંદ્રભદ્રં આ બાબતે સરકારી ધન્યતા અનુભવી રહ્યા છે. ચંદ્રંભદ્ર જે મહાનુભાવોને મળ્યા એનાથી એમના મગજના સૂક્ષ્મતમ ન્યુરોન્સમાં ધમાલ મચી છે, એમના મનમાં ધરતીકંપ પહેલા ધરતીના પેટાળમાં આવેલી મહાકાય પાટોમાં તરખાટ જન્મે એવો તરખાટ જન્મ્યો છે. એમને એમ થાય છે કે એમનું આ મિશન આર્મસ્ટ્રોન્ગ કે કોલબંસ કરતાં નાનો કે ઓછો નથી. એટલે એમણે એક કલાક સુધી ધ્યાન ધરી એ એ મહાપુરુષોનું સ્મરણ કર્યું જેના લીધે આ ગાંધીને નામે વિખ્યાત નગર એક વિશેષ સ્થાન ધરાવે છે. ચંદ્રંભદ્ર ડાયરીમાં આ વ્યક્તિત્ત્વોનું શબ્દચિત્ર આંકે છે. આ રીતે.

ચએકૃ સ્વયંસન્માનિત ખટપટચંદ્ર .... આ મહાનુભાવને પોતે પ્રામાણિક છે એનું અપાર અભિમાન છે. એટલું બધું અભિમાન છે કે એક વખત તો સ્વયં અભિમાન શબ્દે આદિલેખક ગણપતિને ફરિયાદ કરેલી કે મને બીજા કોઇ સ્વરુપે પ્રગટ કરો, મહારાજ !. પરંતુ ગણપતિ વર્ણન સાંભળીને વિચારમાં પડી ગયા. આ ખટપટચંદ્રને એવું લાગે છે કે આ સરકાર ચલાવવાનો બધો ભાર પોતાના ઉપર જ છે. મોટામાં મોટા અને નાનામાં નાના પદાધિકારીઓએ લીધેલા નિર્ણયોમાં પોતાનો મોટાર્ધ કે નાનાર્ધ રોલ હતો, છે અથવા રહેશે એવી વાતોથી એમની સામે બેઠેલા અધિકારીઓ/મુલાકાતીઓ/સેમી પોલિટીશીયનો અભિભૂત રહેતા. એમના શબ્દની બેલેસ્ટીક મિસાઈલો કાચાકાનના સત્તાધિકારીઓ અને આત્મવિશ્વાસની શોધમાં ગુમશુમ રહેતા સરકારી ઉચ્ચ અધિકારીઓ રહેતા. એમની કર્ણવિદારકશક્તિને કારણે એ દિવસમાં પાંચ-સાત વાર કૃપાકાંક્ષી મુલાકાતીઓથી સન્માન પામતા. અને એના બદલામાં મુલાકાતીઓ અડધી સરકારી ચા પામી ધન્યતા અનુભવતા.

ચબૃ વિદ્રોહવિશારદ વિચલિતચંદ્ર..આ ભાઇનો લઘરવઘર દેખાવ જોવા જેવો હતો. એ મોટા અધિકારી હોવા છતાં એમને



એમ છે, હતું અને રહેશે કે દેશમાં અને ગુજરાતમાં લોકો મારા અભિપ્રાય પ્રમાણે ના ચાલ્યા એના લીધે ઘણું નુકશાન થયું છે. જો કે એમને તો સનાતન ધર્મથી માંડીને મામલતદારના નિર્ણય સુધીની પરંપરાઓ સામે વાંધો છે. એ ઘણીવાર ગુજરાત અને ગુજરાતીઓ વિશે આરામથી અને લંબાણથી અને વિનાવિરોધે બોલી શકે છે. એમની બેફિકરાઇને લીધે ઘણા ભોળા ગુજરાતીઓ એમનામાં વિદ્રોહની વર્ધમાન વિધાને નિહાળતા હતા.

ચત્રણૃ સ્વનામવન્ય વિક્ષિપ્તચંદ્ર ... આ મહાનુભાવ ખુબ જ વન્યપ્રાણી જેવા હરતાફરતા દેખાતા હતા. એમને એમની જગાએ જોવા એ ધન્યતાની ક્ષણ બની રહેતી. એ કોઇ ફોરવર્ડ થયેલા મેસેજ જેવા હતા. એમનું વિક્ષિપ્ત મન એમની વિધવા મહત્વાકાંક્ષાઓને અભિવ્યક્ત કરવામાં અધુરું રહેતું. જાતે જ બધે પહોંચી જઈને વનના પવનનો એ પરિચય આપતા. પુછ્યા વિના અભિપ્રાય આપવાનો એમનો અધિકાર એ સર્વ સભાઓમાં, બેઠકોમાં, પાનને ગલ્લે અને ચાની કીટલીએ અનામત રાખતા.

ચચારૃ નકારશિરોમણિ નરાર્ધચંદ્ર...આ મહાશયને કોઇ વાતે હા પડાવવી ખુબ જ અઘરી હોય છે. એમનામાં 'હું-જ-સાચો' નામનો વાયરસ એકએક માંસપેશીઓ સુધી પહોંચી ગયો છે. એ ઘેર આવે તો પત્નીએ પીરસેલા ભોજન માટે પણ ના પાડી શકતા. અને ત્યારબાદ ખુબ જ ચતુર ગુજરાતી નારીની જેમ એમના પત્ની એમણે શા માટે ભોજન ગ્રહણ કરવું જોઇએ એનો વિસ્તૃત 'ડીફેન્સ' રજુ કરતા. જેમ કે, ' હે આર્યપુત્ર, તમે જે સરકારી સેવા માટે ગયા હતા તે અતિ પરિશ્રમશીલ અને તમારા ચયાપચયને અસર પહોંચાડનાર પરિશ્રમ હતો તેથી તમારી વપરાયેલી કેલેરીની શરીરમાં ખોટ ઉભી થઈ છે. વળી, અમે અજ્ઞાનવશ આ રસોઇ તૈયાર કરવામાં ઘણું માતબર રોકાણ કરી દીધું છે હવે તમે તમારી 'ના'ને વળગી રહેશો તો અનર્થ સર્જાશે. ત્રીજું આવતીકાલે આપણો પુત્રરત્ન એથલેટીક્સમાં ભાગ લેવા જનાર છે અને એ વખતે આપણે પેવેલિયનમાં બેઠા હોઇએ તો બુમાબુમ કરવા માટે ખુબ જ એનર્જીની જરૂર પડશે. આ માટે આજે રાત્રે વધારે કેલેરી તમારી શારીરિક સીસ્ટમમાં દાખલ કરી દઈશું તો જ કાલે તમે તમારો પિતૃપ્રેમ વ્યક્ત કરી શકશો.

ચપાંચૃ મહાગુંચિકા દલીલેશ્વરી.. આ બહેનને એમ થઈ ગયું છે કે ગુજરાતની નારીરત્નોના લાંબા ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ ઉમેરવા માટે એમનો જન્મ થયો છે. એ માનતા હતા કે જે છોકરીઓ ડોક્ટર બની ગયી, જે છોકરીઓ એંજિનીયર જેવા પુરુષપ્રધાન વ્યવસાયમાં ઘુસી ગઈ, જે છોકરીઓ વિદેશ ચાલી ગઈ, એ બધા સિવાય એક પોતે જ છે જે ગુજરાતી અસ્મિતાને ઓળખે છે અથવા બચાવવવાના પરિશ્રમમાં રોકાઈ છે. એમની પાસે સાસુ સામે દલીલો કર્યાનો અઢળક અનુભવ હોવાથી ઓફિસમાં એ કોઇપણ બાબતે પોતે સાચા છે એ સાબિત કરવા દલીલો કરી શકે છે, જો સાહેબ કડક હોય તો એમને બીવરાવવાની અનેક 'ટેકનીક' એમને આવડે છે. વળી, ક્યારે આંખમાં બ્રહ્માસ્ત્ર જેવા આંસુઓ વહાવવા એ પણ એમને ખબર છે.....

રાત્રે ચંદ્રંભદ્ર આ પાંચ મહાન હસ્તિઓની અતિઅલ્પ વિગતો નોંધીને ઉંઘી ગયા એમને થયું કે મારા સંતાનોને અને મારા સુજ્ઞ ચાહકોને આ લોકો વિશે પુરું જ્ઞાન નહીં મળે તો શું થશે...મારી ગાંધીનગરની યાત્રા દરમ્યાન જો આ પાંચમૂર્તિઓને વધું વિગતે મળી શકાશે તો ધન્યતા વધી જવાની અપાર શક્યતા છે. ચંદ્રંભદ્ર મનોમન ઇશ્વરનો આ વિવિધરંગી સૃષ્ટિ રચવા બદલ આભાર માનતાં માનતાં ઉંઘી ગયા....

# વો આસમાં ઝુક રહા હૈ... જમીન પર... યે મિલન હમને દેખા યહી પર...



પમરાટ
મિત્તલ પટેલ

લાગણી અને સંબંધોની આંટીઘુંટીઓ ક્યારેય સીધી સરળ નથી હોતી. કોઈ વ્યક્તિ એક સીધી લીટીમાં તેને વ્યાખ્યાયિત ન કરી શકે. તેનાં થોડાંક નિયમો અને સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને જીવી ન શકે. દરેક વ્યક્તિને નવી જ ચેલેન્જો, નવાં જ પડકારો અને નવાં જ કોયડાઓ કુદરત હંમેશા આપતી જ રહે છે. જે એકબીજાથી તદ્દન ભિન્ન જ હોય છે. માટે એકનું સમીકરણ બીજાને લાગુ ક્યારેય ન પડી શકે. પૈસા, વૈભવ ,જાહોજલાલી ક્ષણિક આનંદ ને સુખ આપી શકે. ચિરંજીવી પ્રસન્નતા તો સંવેદના, લાગણી, હુફ એ બધાં ભાવમાંથી જ આવે છે. તે માટે ઈર્ષા, દ્વેષભાવ, કપટ, છેતરપિંડી ,જૂઠું બોલવું વગેરે જાતને અને આત્માને કલુષિત કરતાં અને તેના પર બાહ્ય આવરણ બનાવી ભીતરનો અજવાસને બહાર આવતાં રોકતા પરિબળોથી દૂર રહેવું પડે. ચોખ્ખા મનથી જીવવુ પડે. ટ્રાન્સપરન્સીથી સંબંધોને નિભાવવા પડે. નિસ્વાર્થપણે આત્મીયતાથી દરેક મનેખ સાથે વર્તવાનું વ્યક્તિત્વ કેળવવું પડે.

જીવનમાં ચાલતા અને અનુભવતા કાવા દાવાઓ વચ્ચે પોતાનાં વ્યક્તિત્વને નિર્લેપ રાખી જીવવું એ વરસાદમાં અંતરમનનો રેનકોટ પહેરીને જાતને દુર્ગુણોથી અલિપ્ત રાખી નિર્મળ મન, આત્માને જાળવી રાખવાં જેવું થાય છે.

આખાએ આખા જીવનને
તરબોળ કરતાં....
મહ્યલાને જાણ, થોડું પહેચાન તું..!!
તું તારામાં નિર્લેપ જીવે
તેટલું સત્કર્મનુ ભાથુ તો બાંધ તું...!!
દુઃખ આપવું એ લેવું જ છે,
એ પરાવર્તનના નિયમને જાણ તું..!!
સરળ બનવું છે સૌથી અઘરું,
જાત સાથે પ્રમાણિકતા તેની છે શરત.
"હું" પણાનો ભાવ કાઢીને,તત્ક્ષણ જીવી બતાવ તું..!!
ધનવાન માત્ર નહીં,
કર્મોની સમૃદ્ધિ સાચી કમાઈ બતાવ તું!!

" જીવી નાખવું" અને "જીવી જવું" બંનેમાં ફરક છે. જીવનનો સાચો મર્મ અને હેતુ અકળ છે. જે જાણી શકે છે તે સાચું જીવી જાય છે. બાકી ગોળ વર્તુળ ફરીને પાછો જાય છે. જે એ ચક્કરમાંથી બહાર જ નથી નીકળી શકતો. શ્રીમદ્ ભગવત ગીતા નો એક અધ્યાય રોજ વાંચવો એટલે જીવણના મર્મ સુધી પહોંચવા એક ડગલું રોજ ભરવું. આનાથી વધુ શ્રેષ્ઠ દિવાદાંડી અને જીવનને એક દિશા અને સાચું ધ્યેય આપતી અને જીવનને સફળ બનાવતું હોકાયંત્ર વિશ્વમાં બીજું કોઈ નથી. આજે જ્યારે આખી દુનિયા તેને ગૂઢ શક્તિને પીછાણીને તેનું મહત્વ સ્વીકાર્યું છે, ત્યારે આ તો આપણાં જ આગણાનું મોતી છે ! આપણે બધા એક આભાસી વ્યસ્તતામાં જીવીએ છીએ. આપણને લાગે છે એટલા આપણે બીઝી એચ્યુલી નથી હોતાં. આપણને સમયને મેનેજ અને પ્રોડક્ટિવ રીતે વાપરતા નથી આવડતું. સમયને સંભાળવાની અણઆવડત એટલે આભાસી વ્યસ્તતા. જો ખરેખર જેટલું કહીએ છીએ, તેટલા વ્યસ્ત હોઈએ તો whatsapp, facebook, instagram જેવાં સોશિયલ મીડિયા આટલાં સક્સેસફૂલી ચાલતા ન હોત. કેટલીક વાર કેટલીક માનસિક, ઇમોશનલ પીડાઓને ભૂલવા આપણે કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહીએ છીએ. પણ સમસ્યાનો ઉકેલ મેળવવાનો એ રસ્તો નથી. લાગણીના અને સંબંધોના પ્રશ્નોમાં તો આ વ્યસ્ત થઈ જવું એ ખરેખર સંવેદનાને ડામવા જેવું છે. સંવેદનાને ડામવાની વૃતિ બીજી એક અનેક વિકૃતિનો જન્મ આપે છે. માણસને સંવેદનાવિહીન પથ્થર બનાવી દે છે.

સંવેદનામાં વેદના સમાવિષ્ટ જ હોય છે. ને સંવેદના જ આપણને જીવંત રાખે છે. જીવાડે છે. આપણને દુઃખ થાય છે, પીડા થાય છે ,કેમકે સંવેદના છે, આ પણ જે સંવેદનાને વ્યસ્તતા મમાં ઢાંકી દેશો તો જીવાડશે કોણ? પૈસા? ભૌતિક જાહોજલાલી? કુત્રિમતા? આ બધું માત્ર ક્ષણિક સુખ આપશે. માત્ર આભાસી, સાચું નહીં સંબંધોને લાગણીની બાબતમાં જે દેખાય છે, સંભળાય છે, તેના પર નહીં ,જે પોતાને અનુભૂતિ થાય છે તેના પર વિશ્વાસ કરજો. અમુક વાર જે ચિત્ર નજર સામે દેખાય તે અલગ હોય ને અંતરાત્મા જે કહેતું હોય, જે અનુભૂતિ થતી હોય તે અલગ હોય એવું થાય છે. બંનેમાં ઘણો ફરક ભલે હોય પણ હંમેશા અનુભૂતિ પર વિશ્વાસ કરજો તે ક્યારેય ભૂલ્યા નહીં પડવા દે, કે ક્યારેય છેતરાવા નહીં દે.